email : akhilgujaratlohanasamaj123@gmail.com
web. : www.akhilgujaratlohanasamaj.org
HELPLINE 9909994197

સંગઠન • સહકાર • સમર્પણ

પ્રમુખ શ્રી : શ્રી ઉમંગભાઈ હરીભાઈ ઠક્કર
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી ધનવાનભાઈ કોટક
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી દિવ્યેશભાઈ રાજદેવ
મહામંત્રી શ્રી : શ્રી ભગવાનદાસ શીવરામભાઈ ઠક્કર (બંધુ)
મહામંત્રી શ્રી : શ્રી મુકેશભાઈ એ. ઠક્કર

## અખિલ ગુજરાત લોહાણા સમાજ

(સમાજના ઉત્કર્ષ તથા સંગઠન માટે રચનાત્મક કાર્ય કરતી સંસ્થા)

કાર્યાલય એડ્રેસ : હોટલ નિલકંઠ ઈન, પાલડી ચાર રસ્તાની નજીક, પાલડી, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૬૫૭૪૦૩૦

# અખિલ ગુજરાત લોહાણા સમાજ
# પ્રથમ કારોબારી સમિતિ સભા (સુરત)

તા.૨૮-૪-૨૦૧૩ના રોજ અખિલ ગુજરાત લોહાણા સમાજની પ્રથમ કારોબારી સભ્યોની મિટિંગનું શ્રી જલારામ સેવા સમાજ ટ્રસ્ટ વરાછા રોડ સુરતના યજમાન પદે આયોજન કરવામાં આવ્યું હતું.




સુરત મોઢ વણિકવાડી ખાતે આયોજિત અખિલ ગુજરાત લોહાણા સમાજની પ્રથમ કારોબારી સભામાં ગુજરાતના પાંચ વિભાગો એટલે – દક્ષિણ વિભાગ, ઉત્તર વિભાગ, મધ્ય વિભાગ, કચ્છ વિભાગ તથા સૌરાષ્ટ્ર વિભાગમાંથી હોદ્દેદારો તથા કારોબારી સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. અને તમામ સભ્યોનો અનેરો ઉત્સાહ જોવા મળતો હતો. શ્રી લોહાણા મહાપરીષદના પ્રમુખશ્રી યોગેશભાઇ લાખાણી તથા વરિષ્ઠ ઉપપ્રમુખશ્રી પરેશભાઇ ભુપતાણીએ પણ તેમનો કિમતી સમય ફાળવી અખિલ ગુજરાત લોહાણા સમાજના પ્રમુખશ્રી ઉમંગભાઇ ઠક્કર, વરિષ્ઠ ઉપપ્રમુખશ્રી ધનવાનભાઇ કોટક તથા શ્રી દિવ્યેશભાઇ રાજદેવ તથા મહામંત્રી શ્રી ભગવાનભાઇ 'બંધુ' તથા શ્રી મુકેશભાઇ ઠક્કર સહિત તમામ હોદ્દેદારોનો ઉત્સાહ વધાર્યો હતો આ પ્રથમ કારોબારી સભામાં મધ્ય વિભાગમાંથી ૭૧ પ્રતિનિધિઓ, દક્ષિણ વિભાગમાંથી ૨૮, સૌરાષ્ટ્ર વિભાગમાંથી ૨૪ તેમજ કચ્છ અને ઉત્તર વિભાગમાંથી ૨૦-૨૦ પ્રતિનિધિઓ હાજર રહ્યાં હતા.

તમામ મહેમાનો માટે શ્રી જલારામ સેવા સમાજ ટ્રસ્ટ વરાછા રોડ સુરતના હોદ્દેદારો દ્વારા બહારગામથી પધારેલ હોદ્દેદારો કારોબારી સભ્યો માટે તા.૨૭-૪-૧૩ને શનિવારથી વિવિધ હોટલોમાં ઉતારા માટેની સુંદર વ્યવસ્થા કરી હતી.

તા.૨૮-૪-૧૩ના રોજ સવારે ૯-૦૦ થી ૧૦-૦૦ દરમિયાન રજીસ્ટ્રેશન તથા અલ્પાહારની સુંદર વ્યવસ્થા કરી હતી. ત્યારબાદ પ્રાર્થના સ્વરૂપે રઘુવંશી ધ્વજવંદન ગીત તથા રઘુવંશી શૌર્ય ગીત દ્વારા સંપૂર્ણ લોહાણા સમાજને સન્માનિત કરવામાં આવ્યો હતો.

# અખિલ ગુજરાત લોહાણા સમાજ પ્રથમ કારોબારી સમિતિ સભા (સુરત)

ત્યારબાદ શ્રી ધનવાનભાઈ કોટક દ્વારા સૌ હોદ્દેદારો તથા આમંત્રિત તેમજ ટ્રસ્ટીઓનું શાબ્દિક સ્વાગત કરાયું હતું. ઉપસ્થિત હોદ્દેદારો તથા જ્ઞાતિ શ્રેષ્ઠીઓ દ્વારા દીપપ્રાગટ્ય કરી આ કારોબારી સમિતિની મીટીંગનો પ્રારંભ કરવ્યો હતો અને સૌને મંચાધીન થવા વિનંતી કરી હતી. અનિવાર્ય સંજોગોના કારણે હાજર ન રહી શકનાર હોદ્દેદારો તથા જ્ઞાતિ શ્રેષ્ઠીઓના શુભેચ્છા સંદેશનું વાંચન ઉદઘોષિકા દિવ્યા ઠક્કર તથા શ્રી જિગ્નેશભાઈ ભજીયાવાળા દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ હોદ્દેદારો તથા કારોબારી સભ્યોના જે સ્વજનોના દેહાવસાન થયા હતા તેમના શ્રદ્ધાંજલિ તથા શોક ઠરાવનું પઠન કરવામાં આવ્યું.




તા.૨૭-૫-૨૦૧૨ ના રોજ શ્રી ઉમંગભાઈ ઠક્કરના પ્રમુખ સ્થાને નિયુક્તી થયા બાદ થયેલા તમામ રચનાત્મક કાર્યક્રમોની વિસ્તૃત માહિતી દરેક કાર્યક્રમોની અગત્યતા સમજાવીને મહામંત્રી શ્રી મુકેશભાઈ ઠક્કરે રજૂઆત કરી હતી. તેઓશ્રી એ વિશેષમાં જણાવ્યું હતું કે, અત્યાર સુધી થયેલા કાર્યક્રમોમાં ભવ્યાતિભવ્ય શપથવિધિ સમારોહ, પત્રકાર વર્કશોપ, લીડરશીપ વર્કશોપ, શ્રી લોહાણા મહાપરિષદના છઠ્ઠા અધિવેશનનું યજમાનપદ વહીવટી કાર્યાલયનું ઉદ્‌ઘાટન જેવા અદ્‌ભુત કાર્યક્રમોનો તમામ ખર્ચ પણ પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠક્કર દ્વારા ઉઠાવવામાં આવ્યો હતો. આ ઉપરાંત શ્રી મુકેશભાઈ ઠક્કરે પ્રમુખશ્રીને નિવેદન કરેલ કે - પ્રમુખશ્રીના ચાર વર્ષના કાર્યકાળને અલગ અલગ વર્ષ તરીકે મનાવવા જોઈએ, જેમ કે મહિલા વર્ષ, બાળવર્ષ, યુવાવર્ષ તથા વડીલ વર્ષ. દરેક મહાજનો માતૃસંસ્થાથી જાહેરાત થાય તે પ્રમાણે તેના બેનરની ડીઝાઇન વેબસાઇટ ઉપર તેમજ લોહાણા વિઝન એન્ડ મિશનમાં ઉપલબ્ધ હશે તો તે બેનર અવશ્ય દરેક કાર્યક્રમોમાં લગાવીને કાર્યક્રમ કરવો તથા કાર્યક્રમની સી.ડી. તેમજ ફોટોગ્રાફ અહેવાલ સાથે મોકલવો જેમાં સૌથી શ્રેષ્ઠ કાર્યક્રમને નિર્ણાયક સમિતિ નિર્ણય લઇ એવોર્ડ થી સન્માનિત કરવામાં આવશે.




હાલમાં અખિલ ગુજરાત લોહાણા સમાજના વહીવટી કાર્યાલયમાં પ્રોફેશનલ કર્મચારીઓની નિમણૂક કરી સુંદર રીતે સંચાલન થઈ રહ્યું છે, જેનો વહીવટી ખર્ચ સંસ્થામાંથી થઈ રહ્યો છે, જે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું હતું. પ્રમુખશ્રીની આગવી સુઝ સાથેના ભવિષ્યમાં થનારા કાર્યક્રમોની ઝલક આપતા મહામંત્રી શ્રી ભગવાનભાઈ 'બંધુ' એ જણાવ્યું હતું કે, આવનારા સમયમાં સમાજના ઉત્કર્ષ માટે વિવિધ કાર્યક્રમનું આયોજન વિચારણા હેઠળ છે. જેમ કે વડીલો માટેનો વર્કશોપ રઘુવંશીઓ સંચાલિત ગૌશાળાની મુલાકાત સ્નેહ મિલન, પ્રમુખ-મંત્રીશ્રીનો વર્કશોપ, શિક્ષણલક્ષી વર્કશોપ, રોજગારલક્ષી વર્કશોપ, છાત્રાલયના વિકાસ તથા આધુનિકરણ અંગે યોગ્ય મનોમંથન સાંસ્કૃતિક કાર્યક્રમ ઉપરાંત મહિલા સમિતિ તથા યુવા સમિતિના વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવનાર છે.




ત્યારબાદ મહામંત્રીશ્રી મુકેશભાઈ ઠક્કર તથા ખજાનચી શ્રી ધિરેન્દ્રભાઈ ઠક્કર દ્વારા તા.૩૧-૩-૨૦૧૩ સુધીના હિસાબોની પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા રજૂઆત કરવામાં આવી હતી, અને તમામ વહીવટી કાર્યની પારદર્શકતાનો અહેસાસ કરાવ્યો હતો, તેમજ સાથે સાથે

# અખિલ ગુજરાત લોહાણા સમાજ પ્રથમ કારોબારી સમિતિ સભા (સુરત)

આપણી સંસ્થા દ્વારા થનારા વિવિધ રચનાત્મક કાર્યો તથા ખાસ તો આરોગ્યલક્ષી સેવા માટે ફંડની આવશ્યકતા અંગે પણ સુંદર રજૂઆત કરવામાં આવી હતી.




બાદમાં અખિલ ગુજરાત લોહાણા સમાજની યુવા સમિતિના પ્રમુખશ્રી જિગ્નેશભાઈ ભજીયાવાળા દ્વારા ખૂબ જ સુંદર શૈલીમાં યુવા શક્તિને પ્રોત્સાહિત કરતી રજૂઆત કરી તેમના વિવિધ સ્વપ્ન સમા કાર્યક્રમોની ઝલક આપી હતી અને પ્રમુખશ્રીને ઉત્તરોત્તર ઉચ્ચત્તમ કાર્યક્રમો આપી સમાજ સેવાની મળેલી તકનો પૂરેપુરો સદ્ઉપયોગ કરવાની ખાતરી આપી હતી.

મહિલા સમિતિના પ્રમુખ શ્રીમતી જયાબેન ઠક્કર દ્વારા મહિલાઓના ઉત્કર્ષ માટે અને સ્રીશક્તિને અખિલ ગુજરાત લોહાણા સમાજમાં પુરૂ મહત્ત્વ આપવા બદલ પ્રમુખશ્રીનો આભાર માન્યો હતો અને મહિલાઓના સર્વાંગી વિકાસ માટે વિવિધ કાર્યક્રમોની વણઝાર આપવાની ખાતરી આપી હતી.

વરિષ્ઠ ઉપપ્રમુખશ્રી દિવ્યેશભાઈ રાજદેવ દ્વારા સમગ્ર સમાજ માટે વિકટ પ્રશ્ન એવા આરોગ્યલક્ષી પ્રશ્નને ખૂબ જ મહત્તવ આપી આપણે કોઈ જ્ઞાતિબંધુ પૈસાને કારણે યોગ્ય સારવારથી અળગો ન રહે તે જોવાની આપણા સૌની ફરજ બને છે. તેમ જણાવી મુંબઈમાં ચાલતા આરોગ્યનિધિ ટ્રસ્ટનો પણ સંપૂર્ણ સાથ સહકાર મળી રહેશે તેવી ખાતરી આપી હતી. અખિલ ગુજરાત લોહાણા સમાજના પ્રમુખશ્રી દ્વારા પ્રમુખ સ્થાનેથી હોદ્દેદારો તથા કારોબારી સભ્યોને સંબોધન કરતા ખૂબ જ આનંદ વ્યક્ત કર્યો હતો અને જણાવ્યું હતું કે આપ સૌના સાથ સહકાર અને સહયોગ થકી જ આપણે આપણા લોહાણા સમાજને સંગઠિત કરવાના તથા આપણા લોહાણા સમાજના ઉત્કર્ષ માટેના રચનાત્મક કાર્ય કરવાની પ્રેરણા તથા પ્રોત્સાહન મળે છે. અને મહામંત્રી શ્રી મુકેશભાઈ ઠક્કરના નિવેદનને અનુમોદન આપતા વર્ષ ૨૦૧૩ને મહિલા વર્ષ તરીકે મનાવવાની જાહેરાત કરી હતી અને મહિલા સમિતિના પ્રમુખ શ્રીમતિ જયાબેન ઠક્કરને સમગ્ર વર્ષ દરમિયાન સ્રીશક્તિને જાગૃત કરવા અને તેમના સર્વાંગી વિકાસ માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા જણાવ્યું હતું અને પ્રમુખશ્રીના ચાર વર્ષના કાર્યકાળને અંતે આપણો લોહાણા સમાજ દરેક ક્ષેત્રમાં ટોચના શિખરો સર કરશે તેવો વિશ્વાસ અપનાવ્યો હતો.




મહિલા સમિતિ પ્રમુખ શ્રીમતિ જયાબેન ઠક્કર,
ધારાસભ્યશ્રી ડો.નિમાબેન આચાર્ય તથા મહિલા સમિતિના સભ્યો

શ્રી લોહાણા મહાપરીષદના પ્રમુખશ્રી યોગેશભાઈ લાખાણીએ અધ્યક્ષ સ્થાનેથી જણાવ્યું હતું કે – આ કદાચ પહેલી વખત બન્યું છે કે, અખિલ ગુજરાત લોહાણા સમાજ તથા શ્રી લોહાણા મહાપરીષદના મુખ્ય હોદ્દેદારો ઓફિશિયલી એક મંચ ઉપર હાજર છે. જે બદલ તેમણે પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠક્કરને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. ત્યારબાદ શ્રી યોગેશભાઈએ વિશેષ ઉમેર્યું હતું કે શ્રી લોહાણા મહાપરીષદના છઠ્ઠા વૈશ્વિક અધિવેશનમાં યજમાનપદ ચીવટપૂર્વક નિભાવીને સમાજસેવાનું ઉત્કૃષ્ઠ ઉદાહરણ પુરૂ પડ્યું હતું. જે ખરેખર અભિનંદનને પાત્ર છે. આ ઉપરાંત તેઓએ જણાવ્યું હતું કે જે કાર્યપદ્ધતિથી પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠક્કર તથા તેમની સમગ્ર ટીમ જ્ઞાતિ ઉત્કર્ષ માટેના રચનાત્મક કામ કરી રહ્યાં છે તે માટે જેટલા પણ અભિનંદન પાઠવીએ તેટલા ઓછા છે.

લોહાણા સમાજના ઉત્કર્ષ તેમજ સંગઠન માટે વિવિધ વિભાગના શ્રેષ્ઠ કાર્યકર્તાઓ તથા સંસ્થાના પ્રતિનિધિને એવોર્ડ–સન્માનપત્ર તથા ખેસ ઓઢાડીને સન્માનિત કરવામાં આવ્યા હતા, જેની વિગતો નીચે મુજબ છે.

સૌ પ્રથમ ભાવનગર જિલ્લામાં ઉત્કૃષ્ટ સંગઠનનું કાર્ય કરનાર ભાવનગર લોહાણા સમાજના પ્રતિનિધિ શ્રી રમેશભાઈ ઠક્કર (પ્રમુખશ્રી) તથા શ્રી સુમિતભાઈ ઠક્કરને સન્માનિત કરવામાં આવ્યા હતા.

અખિલ સૌરાષ્ટ્ર રઘુવીરસેના દ્વારા દર વર્ષે ઉજવાતા શ્રી વીરદાદા જશરાજ નિર્માણદિન (૨૨ જાન્યુઆરી)

# અખિલ ગુજરાત લોહાણા સમાજ પ્રથમ કારોબારી સમિતિ સભા (સુરત)

રાજકોટ ખાતે યોજાઈ ગયો તે કાર્યક્રમને બિરદાવતા વરિષ્ઠ ઉપપ્રમુખશ્રી દિવ્યેશભાઈ રાજદેવ તથા તેમની સમગ્ર ટીમને સન્માનિત કરવામાં આવી હતી.



29 04 2013

શ્રી જલારામ લોહાણા સમાજ – ગોત્રી, વડોદરા દ્વારા વડીલ વંદનાની કૌટુંબિક ભાવના સાથેના યાત્રા પ્રવાસને બિરદાવતા પ્રમુખશ્રી અશ્વિનભાઈ ઠક્કર તથા શ્રી દત્તુભાઈ ઠક્કરને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સમયે બરોડા સમાજના બીજા અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યાં હતા. અખિલ ગુજરાત લોહાણા સમાજના કાર્યના બહોળા પ્રચાર અને પ્રસાર માટે પ્રકાશિત થતા ત્રિમાસિક લોહાણા વિઝન એન્ડ મિસનના સૌથી વધારે ગ્રાહક બનાવનાર શ્રી વિલાસભાઈ ભજીયાવાલાને સન્માનિત કરાયા હતા. ગુજરાતમાં વસતા તમામ લોહાણા ભાઈ બહેનોને એક સુત્રમાં સાંકળવાના મહાઅભિયાન સમા વસ્તીગણતરીના કાર્યને સૌપ્રથમ પૂર્ણ કરનાર શ્રી સૌરાષ્ટ્ર લોહાણા મહાજનના મંત્રીશ્રી અતુલભાઈ પાવાગઢી તથા વિસનગર લોહાણા સમાજના શ્રી હર્ષદભાઈ ઠક્કરને સન્માનિત કરવામાં આવ્યા હતા.

ધાર્મિક કાર્યક્રમ એટલે કે, શ્રી જલારામ જયંતિ, સામાજિક કાર્યક્રમ એટલે સમુહલગ્ન તથા સમુહ જનોઈ જેવા ભવ્યાતિભવ્ય આયોજન કરવા બદલ તથા અખિલ ગુજરાત લોહાણા સમાજની પ્રથમ કારોબારીનું યજમાનપદ સ્વીકારનાર શ્રી જલારામ સેવા સમાજ ટ્રસ્ટ – સુરતના પ્રમુખશ્રી ધનવાનભાઈ કોટક તથા તેમની સમગ્ર ટીમને સન્માનિત કરવામાં આવ્યા હતા. આપણા સૌથી મહત્તવના પ્રોજેક્ટ સમાન આરોગ્યલક્ષી સેવાકીય અભિયાનમાં વિશિષ્ટ સેવા પ્રદાન કરનાર ગાંધીનગરના શ્રી હેમંતભાઈ પોપટને અને તેમની કામગીરીને હૃદયપૂર્વક બિરદાવી સન્માનિત કરવામાં આવ્યા હતા.



29 04 2013

શ્રી ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેક્નોલોજીમાં બેસ્ટ સ્ટુડન્ટ તરીકે તાતા ગ્રૂપ તરફથી એવોર્ડ, સર્ટિફિકેટ તથા કેશ પ્રાઈસ મેળવનાર રઘુવીર સોનઘેલા ને સન્માનિત કરતાં સૌને ગૌરવ પ્રદાન થયું હતું.

આપણા સમાજ માટે સેવાકીય ક્ષેત્રે ગૌરવપૂર્વક લઈ શકાય તેવું નામ એટલે શ્રી ચંદુભાઈ ઠક્કર જેઓ છેલ્લા ૪૦ વર્ષથી અગાસ – (તા.જી. આણંદ) ખાતે આવેલા શ્રીમદ્ રાજચંદ્ર સેવા ટ્રસ્ટ ખાતે અવિરત સેવાઓ આપી રહ્યાં છે, અને અંદાજિત ૯૨ વર્ષની ઉંમરે પણ સેવાઓની સુવાસ ફેલાવી રહ્યાં છે. તેમને સન્માનિત કરતા સૌને આનંદનો અનુભવ થયો હતો તેમના વતી તેમના સુપુત્રી શ્રીમતી રીટાબહેને આ સન્માનનો સ્વીકાર કર્યો હતો.

શ્રી જલારામ ગૌ શાળા ડીસાના અદના સેવકશ્રી મહેશભાઈ ઉદેચા તથા શ્રી દિનેશભાઈને અબોલ પશુઓની અવિરત સેવાઓ બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા.

ત્યારબાદ હાજર તમામ હોદ્દેદારો, કારોબારી, સભ્યશ્રીઓ તથા હાજર જ્ઞાતિબંધુઓ માટે ઓપન હાઉસ રાખવામાં આવેલ. જેમાં જ્ઞાતિબંધુઓએ રસપૂર્વક ભાગ લઈ વિવિધ સૂચનો તથા વિચારો રજૂ કર્યા હતા.

અંતમાં, મહામંત્રીશ્રી ભગવાનભાઈ ઠક્કર 'બંધુ' દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી અને સુરતી ભોજનનો સ્વાદમાણી સૌ ઉત્સાહપૂર્વક છુટા પડ્યા હતા.